# હમિદ અંસારી પુનઃ ઉપરાષ્ટ્રપતિ પદે

## હમિદ અંસારીએ ૪૯૦ મત હાંસલ કર્યા - જસવંતસિંહને ૨૫૨ મતના અંતરથી હાર આપી : અંસારીને યુપીએ, સાથી પક્ષો અને ડાબેરીઓનો ટેકો મળ્યો : જસવંતસિંહને માત્ર ૨૩૮ મતો મળ્યા



નવી દિલ્હી,તા.૭

યુપીએના ઉમેદવાર હમિદ અંસારી ફરી એકવાર દેશના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચુંટાઇ આવ્યા છે. હમિદ અંસારીએ ૪૯૦ મત હાંસલ કરીને એનડીએના ઉમેદવાર જસવંતસિંહને ૨૫૨ મતથી હાર આપી છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે બીજી વખત ચુંટણી લડી રહેલા હમિદ અંસારીને યુપીએ અને તેના સાથી પક્ષો ઉપરાંત ડાબેરીઓનો પણ ટેકો મળ્યો છે. ઉપરાષ્ટ્રપતિની ચુંટણી માટે આજે મતદાન સવારે ૧૦.૦૦ વાગે શરૂ થયું હતું. વડાપ્રધાન મનમોહનસિંહ, યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંધી પણ મતદાન કરવા માટે એકસાથે પહોંચ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ પણ મતદાન કરવા માટે પહોંચ્યા હતા. શરૂઆતમાં મતદાન કરનારમાં કોંગ્રેસના પ્રિયા દત્ત, અભિષેક મનુ સિંઘવી અને કેન્દ્રિય પ્રધાન નારાયણ સામી હતા. દેશના ૧૪માં ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાં લોકસભા અને રાજ્યસભાના કુલ ૭૮૮ સાંસદો મતદાન માટે લાયક હતા. પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું કે ૭૫ વર્ષીય અંસારીને આશરે ૫૦૦ મત મળશે. લોકસભામાં કોંગ્રેસના ૨૦૪ અને રાજ્ય સભામાં ૭૧ સભ્યો છે. યુપીએના ઘટકપક્ષ તૃણમુલના લોકસભામાં ૧૯ અને રાજ્યસભામાં નવ સાંસદ છે. ડીએમકે પાસે લોકસભામાં ૧૮ અને રાજ્યસભામાં ૭ સાંસદો છે. એનસીપી લોકસભામાં ૯ અને રાજ્યસભામાં ૭ સાંસદો ધરાવે છે. આરએલડી લોકસભામાં ૫ સભ્યો ધરાવે છે. નેશનલ કોન્ફરન્સમાં લોકસભામાં ત્રણ અને રાજ્યસભામાં બે સભ્યો છે. એસપીના લોકસભામાં ૨૨ અને રાજ્યસભામાં નવ સભ્યો છે. બસપના લોકસભામાં ૨૧ અને રાજ્યસભામાં ૧૫ સભ્યો છે. શરૂઆતના બે કલાકમાં મતદાન કરનારાઓમાં એનડીએના ઉમેદવાર જસવંતસિંહ પણ સામેલ છે. લોકસભામાં ભાજપના ૧૧૪ સભ્યો છે અને રાજ્યસભામાં ૪૯ સભ્યો છે. જેડીયુના લોકસભામાં ૨૦ અને રાજ્યસભામાં નવ સભ્યો છે.

# મધ્યપ્રદેશમાં ભારે વરસાદ

ભોપાલ, તા.૭

મધ્યપ્રદેશમાં છેલ્લા ૪૮ કલાકમાં અતિભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદના કારણે સંપત્તીનું વ્યાપક નુકશાન થયું છે. જિલ્લા કલેક્ટર પણ પુરમાં અટવાઇ પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. પાટનગર ભોપાલમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું છે. જુદી જુદી સ્કુલો અને કોલેજોમાં આગામી બે દિવસ માટે રજાની જાહેરાત કરી દેવામાં આવી ગઇ છે. ભેખડો ધસી પડવાના બનાવ બનતા નેશનલ હાઇવે-૭૨ને બંધ કરવાની ફરજ પડી છે. છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે રાજ્યમાં પુર જેવી સ્થિતી સર્જાઇ ગઇ છે. રાયસેન જિલ્લામાં દિવાલ ધરાશાઇ થતા ચાર લોકોના મોત થઇ ચુક્યા છે. બેતુલ જિલ્લામાં એક પુલ ધરાશાઇ થયું છે. ભારે વરસાદના કારણે હોસંગાબાદ જિલ્લામાં ભારે નુકશાન થયું છે. ઓછામાં ઓછામાં ૪૦૦ લોકો અટવાઇ પડ્યા છે જેમાં જિલ્લા કલેક્ટરનો સમાવેશ થાય છે. સુત્રોએ કહ્યું છે કે સેનાના જવાનોની એક ટીમ પહેલાથી જ બચાવ ઓપરેશનમાં મદદરૂપ થવા પહોંચી ગઇ છે. ક્ષેત્રીય હવામાન વિભાગે





ભોપાલ, ઇન્દોર, ગ્વાલિયર, હોસંગાબાદ, ચમ્બલ, ઉજ્જૈન ડિવિઝનમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. મધ્યપ્રદેશમાં ઘણા પુરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અન્ય ઘણા જિલ્લાઓમાં પુર એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. અન્ય ઘણા જિલ્લાઓમાં મોટી નદીઓ ભયજનક સપાટીને કુદાવી ચુકી છે. હારડા જિલ્લા નજીક તાવા બંધના ૧૩ બારણા ખોલી દેવામાં આવ્યા છે. સરોવરમાં પાણીની સપાટી વધી જવાના પરિણામ સ્વરૂપે આ બારણા ખોલી દેવામાં આવ્યા છે. તાવા નદીનાં કિનારે રહેતા લોકોને સુરક્ષીત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. નર્મદા નદી અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે જેથી લોકોને એલર્ટ રહેવાની સુચના આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં ઘણા મકાનો પાણીમાં ડુબી ગયા છે. પરિસ્થિતીને હાથ ધરવા માટે તમામ પગલા લેવાયા છે. દરમિયાન ઓરિસ્સામાં પણ ભારે વરસાદ થયો છે જેથી મોતનો આંકડો વધીને ૩૬ ઉપર પહોંચી ગયો છે. આજે સતત ત્રીજા દિવસે છુટોછવાયો વરસાદ ચાલી રહ્યો હતો. બંગાળના અખાતમાં નવેસરથી લો પ્રેશરની સ્થિતીના કારણે સ્થિતી વણસી શકે છે. મોટી નદીઓમાં પાણીની સપાટીઓમાં વધારો થયો છે. ભુવનેશ્વરમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. દરમિયાન રાષ્ટ્રિય પાટનગર દિલ્હીમાં પણ આજે સવારે વરસાદી ઝાપટા પડતા ટ્રાફિકજામની સ્થિતી સર્જાઇ હતી. મોતીબાગ ફ્લાઇઓવર, ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, લક્ષ્મિનગર, આઇટીઓ, આઝાદપુર અને કાશ્મીર ગેટ ખાતે ટ્રાફિકની સ્થિતી જોવા મળી હતી. આ ઉપરાંત મોરીગેટ, ધોળાકુઆ વિસ્તારમાં પણ ટ્રાફિકજામની સ્થિતી જોવા મળી હતી.

## ટીએમસી એકલા હાથે જીતી શકે નહીં : કોંગી

નવી દિલ્હી, તા.૭

પશ્ચિમ બંગાળમાંથી કોંગ્રેસના સાંસદ દિપા દાસ મુન્શીએ આજે તૃણમુળ કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે કોંગ્રેસના ટેકા વગર ટીએમસીની જીત ખુબ જ મુશ્કેલ છે. ટીએમસી એકલા હાથ જીત મેળવી શકે તેવી સ્થિતીમાં નથી. યુપીએ સરકારનાં ચાવીરૂપ ઘટકકક્ષ ટીએમસીએ સંકેત આપ્યો છે કે આગામી લોકસભાની ચુંટણીમાં પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ સાથે તે જોડાણ કરશે નહીં. ટીએમસીના નેતા સુદીપ બંદોપાધ્યાએ માહિતી આપતા કહ્યું છે કે અમે પશ્ચિમ બંગાળમાં તમામ ૪૨ બેઠકો જીતવાની યોજના બનાવી રહ્યા છે. મમતા બેનર્જીના નેતૃત્વમાં ૪૨ સાંસદો જીતી જશે તેમ અમે માની રહ્યા છીએ. વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચુંટણીમાં ટીએમસી એકલા હાથે મેદાનમાં ઉતરશે કે કેમ તે અંગે રાજ્યમાં પંચાયતની ચુંટણી બાદ નિર્ણય લેવામાં આવશે. આગામી વર્ષોમાં નાના પક્ષોની ભુમિકા મહત્વપુર્ણ રહેશે. કોંગ્રેસ અને ટીએમસીએ વર્ષ ૨૦૦૯માં એકસાથે મળીને લોકસભાની ચુંટણી લડી હતી. વર્ષ ૨૦૧૦માં રાજ્ય વિધાનસભાની ચુંટણીમાં પણ બંને પક્ષો સાથે રહ્યા હતા. કેન્દ્રમાં કોંગ્રેસ અને ટીએમસી વચ્ચેના સંબંધો હાલ વણસી ગયા છે.

# આસામમાં સાંપ્રદાયિક હિંસાનો દોર અવિરત જારી

ગુવાહાટી,તા.૭

આસામમાં સાંપ્રદાયિક હિંસાનો દોર યથાવત રીતે જારી રહ્યો છે. આજે વધુ ૧૨ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૭૩ ઉપર પહોંચી ગયો હતો. આસામનાં મુખ્યમંત્રી તરુણ ગોગોઇએ રાજ્યમાં સાંપ્રદાયિક હિંસાના મામાલમાં સીબીઆઇ તપાસની ભલામણ કરી છે. બીજીબાજુ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. રાહત કેમ્પમાં સાત બાળકો સહિત સોળના મોત થઇ ચુક્યા છે. અટકાયતી પગલા રીતે પણ મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરાઇ છે. કુલ ૧૭૩ લોકોની હજુ સુધી ધરપકડ થઇ છે. અર્ધલશ્કરી દળોની ૬૫ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ગઇકાલ મોડી રાતથી આજ સુધી આસામના જુદા જુદા વિસ્તારોમાં હિંસામાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને અન્ય બે લોકો ઘાયલ થયા છે જેથી મોતનો આંકડો વધીને ૭૩ ઉપર પહોંચી ગયો છે. મળેલી માહિતી મુજબ પરિસ્થિતિ વણસી ગયા બાદ કોકરાઝારમાં ફરી એકવાર સંચારબંધી લાદી દેવામાં આવી છે. આસામના આઇજીપી (કાયદો અને વ્યવસ્થા) એલ આર બિસ્નોઇએ કહ્યું છે કે બોડોના તોફાની તત્વોએ સોમવારે મોડી રાત્રે કોકરાઝાર પોલીસ સ્ટેશન હેઠળના રાણી બુલી ગામમાં અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા બે લોકોને ગુવાહાટી મેડીકલ કોલેજ અને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગયા મહિને શરૂ થયેલી સાંપ્રદાયિક હિંસામાં મોતનો આંકડો



વધીને હવે ૭૩ ઉપર પહોંચી ગયો છે. આસામના આજીપીએ કહ્યું છે કે માર્યા ગયેલા ત્રણે લોકો સરહદી ઢુંબરી જિલ્લાના લાખીગંજના છે. આ બનાવ બાદ ફરી એકવાર કોકરાઝાર જિલ્લામાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. બીજી બાજુ ચિરાંગ જિલ્લામાં અચોક્કસ મુદતની સંચારબંધી હજુ પણ યથાવત્ રીતે જારી છે. અહીં નવેસરથી આગ અને તોડફોડના બનાવોના અહેવાલ મળ્યા છે. કેટલાક મકાનોને પણ આંગ ચાપી દેવામાં આવી છે. સમયસર પોલીસ પગલાંના લીધે ગઈકાલે મોડી રાત્રે વધુ હિંસા ભડકી શકી ન હતી. ચિરાંગમાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. દરમિયાન આજે સવારે સેનાએ કોકરાઝાર, ચિરાંગ અને ઢુંબરીમાં ફ્લેગમાર્ચ યોજીને સામાન્ય લોકોમાં વિશ્વાસ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. બોડો આદિવાસીઓ અને લઘુમતી સમુદાયના લોકો વચ્ચે આસામમાં હિંસા ભડકી ઊઠી છે. સાંપ્રદાયિક હિંસાના દોર વચ્ચે હાલમાં જ વડાપ્રધાન મનમોહનસિંહ અને કેન્દ્રીય મંત્રી ચિદમ્બરમ્ પણ રાજ્યની મુલાકાત લીધી હતી. સંસદ સત્રમાં પણ આસામ હિંસાનો મુદ્દો છવાઇ જાય તેવી શક્યતા દેખાઇ રહી છે. વડાપ્રધાન મનમોહનસિંહે આસામની યાત્રા દરમિયાન કહ્યું હતું કે કોમી હિંસા કલંકરૂપ છે. સિંહે આસામની યાત્રા દરમિયાન અસરગ્રસ્તો માટે પેકેજની જાહેરાત પણ કરી હતી. સાથે સાથે તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત કેન્દ્રિય ટીમે પણ આસામની મુલાકાત લીધી હતી. સંસદ સત્રમાં આસામ મામલે આક્ષેપોનો સામનો કરવા યુપીએ સરકાર કમર કસી ચુકી છે.

## ટ્રેનોમાં ફાયર અલાર્મ સિસ્ટમ ગોઠવવા સૂચન

નવી દિલ્હી, તા.૭

ટ્રેનોમાં વારંવાર આગના બની રહેલા બનાવો અંગે ચિંતા વ્યક્ત કરીને સંસદીય પેનલે ટેકનોલોજીની મદદ સાથે આ સમસ્યાનો ઉકેલ લાવવા ટ્રેનોમાં હવે ફાયર એલાર્મ સિસ્ટમ ગોઠવવાની રજૂઆત કરી છે. સંસદીય પેનલે રેલવેને આ પ્રકારની રજૂઆત કરી છે. આવા આગના બનાવોમાં નુકશાનને ફાયર અલાર્મ સિસ્ટમ ગોઠવીને રોકી શકાય છે. રેલવે અંગેની સ્થાયી સમીતિએ પણ ઓટોમેટિક ફાયર એલાર્મ સિસ્ટમ તાકિદના ધોરણે તમામ ટ્રેનોમાં ગોઠવવા નેશનલ ટ્રાન્સપોર્ટરને અપીલ કરી છે. ડીએમકેના સાંસદ ટી આર બાલુના નેતૃત્વમાં પેનલે ત્રીજી ઓગસ્ટના દિવસે મહત્વપૂર્ણ મિટીંગ યોજી હતી જેમાં તમીલનાડુ એક્સપ્રેસમાં તાજેતરમાં આગના બનાવના પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# આજથી શરૂ થતુ સંસદનું ચોમાસું સત્ર તોફાની બનવાના સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા.૭

બુધવારથી શરૂ થતું સંસદનું મોનસૂન સત્ર ખૂબ જ તોફાની બને તેવી શક્યતા છે. મોનસૂન સત્રમાં સરકારને ભીંસમાં લેવા ભાજપના નેતૃત્વમાં એનડીએની આક્રામક વ્યૂહરચના તૈયાર થઈ ચૂકી છે. બીજી બાજુ વિરોધ પક્ષોનો સામનો કરવા યુપીએ સરકારે પણ પોતાની યોજના તૈયાર કરી લીધી છે. મોનસૂન સત્રમાં આ વખતે મોંઘવારી, પૂણેમાં સિરીયલ બ્લાસ્ટ, આતંકવાદ, આર્થિક વિકાસમાં ધીમીગતિ, વિદેશી મૂડીરોકાણ, આસામમાં સાંપ્રદાયિક હિંસા સહિતના મુદ્દા છવાઈ જવાની શક્યતા છે. સરકારને મુશ્કેલીમાં મુકવાના હેતુસર ભાજપે પ્રથમ દિવસે જ આસામ હિંસાના મુદ્દાને ઉઠાવવાની યોજના જાહેર કરી દીધી છે. આસામનો મામલો ભારે રાજકીય ગરમી જગાવી શકે છે. કારણ કે વિરોધ પક્ષો અને કોંગ્રેસ આક્ષેપ પ્રતિ આક્ષેપ કરવા માટે તૈયાર છે. સ્પેક્ટ્રમ અને કોલસા બ્લોકની ફાળવણીમાં કૌભાંડનો મામલો પણ ચમકે તેવી શક્યતા છે. આ ઉપરાંત વિવાદાસ્પદ એરસેલ-મેક્સિસ સોદાબાજીનો મામલો પણ છવાઈ જાય તેવી શક્યતા છે મોનસુન સત્રમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ અનેક મુદ્દાઓને લઇને યુપીએ સરકારને ભીસમાં લેવાના પ્રયાસ કરશે. મોનસુન સત્રમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના રેકોર્ડ ગતિ વધી રહેલા ભાવ, અર્થતંત્રમાં ધીમી ગતી અને અન્ય પાસાઓ ઉપર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે. આ તમામ મુદ્દાઓ પર સરકાર અને વિરોધ પક્ષો આમને સામને આવે તેવી શક્યતા છે. આસામમાં હાલમાં થયેલી સાંપ્રદાયીક હિંસાના મુદ્દા પર પણ ચર્ચા થાય તેવી શક્યતા છે. મહિના સુધી ચાલનાર સત્રમાં ગૃહ પ્રધાન તરીકેની હાલમાં જવાબદારી સંભાળેલા સુશીલકુમાર શિન્દેની આકરી કસોટી થશે. લોકસભાના નેતા તરીકે શિન્દેની નિમણૂંક કરવામાં આવ્યા બાદ તેમની જવાબદારી વધી ગઈ છે. પ્રણવ મુખર્જીની જગ્યાએ લોકસભાના નેતા તરીકે શિન્દેની પસંદગી રવામાં આવી છે. પ્રણવ મખર્જી છેલ્લા આઠ વર્ષથી સરકારના ટ્રબલ શુટર તરીકેની ભૂમિકા અદા કરી રહ્યા હતા. ચોમાસું સત્ર દરમિયાન અમરનાથ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના મોતનો મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. તમિલનાડુ એક્સપ્રેસને આવરી લેતી ટ્રેન દુર્ઘટના સહિત શ્રેણીબદ્ધ ટ્રેન દુર્ઘટનાઓનો મામલો પણ ચર્ચા જગાવે તેવી શક્યતા છે. પુણેમાં સિરિયલ બ્લાસ્ટ, ઉત્તરમાં પાવર ગ્રીડ કોલેપ્સ થવાની બાબત પણ હોબાળો મચાવી શકે છે.

## માતા-પિતાની હત્યાની ઇચ્છુક યુવતિ પકડાઇ

સંગરુર,તા. ૭

એક સનસનાટીપુર્ણ ઘટનાક્રમમાં સંગરુર પોલીસે એક એવી યુવતિની ધરપકડ કરી છે જે યુવતિએ તેના માતા-પિતા અને ભાઇની હત્યા કરવા માટે કોન્ટ્રાક્ટ કિલરોને રોક્યા હતા. આ સંબંધમાં યુવતિની સાથે સાથે પાંચ અન્યોની પણ ધરપકડ કરવામાં આવી છે. મનપ્રીત કોર તેના માતા-પિતા અને ભાઇની હત્યા કરવા ઇચ્છતી હતી. કારણ કે આ લોકોએ તેના લગ્નનો વિરોધ કરી રહ્યા હતા. જ્યારે મનપ્રીત પહેલાથી જ લગ્ન કરી ચુકી હતી. રસપ્રદ બાબત એ છે કે કોન્ટ્રાક્ટ કિલરો પણ તેના માતા-પિતાને મારી શક્યા ન હતા. બદલામાં તેઓએ તેમના નોકરની હત્યા કરી દીધી હતી. યુવતિ અને કોન્ટ્રાક્ટ કિલરોએ તેમના ગુના કબુલી લીધા છે. પોલીસે ત્રણ મોટરબાઇક, પિસ્તોલ, કારતુસ કબજે કર્યા છે. પોલીસે કહ્યું છે કે મનપ્રીત માત-પિતાથી ખુબ નારાજ હતી અને તેમની હત્યા કરી નાંખાવા ઇચ્છતી હતી.

## Hello ફ્રેન્ડ્સ ! (પાના નં. ૪ નું ચાલુ)

ભારતની વાત કરીએ તો સાનિયા મિર્જા અને જવાલા ગટ્ટા જેટલી એમની અંગ પ્રદર્શનથી પ્રસિધ્ધ છે. એનાથી જ અટકી મેડલથી હાથ ધોઇ બેઠી છે, સાયના નેહવાલ ગોલ્ડ મેડલ માટે જોરદાર લડી પણ માત્ર છેલ્લી મેચમાં નસીબના જોરે બ્રોન્ઝ લઇ સંતુષ્ટ થઇ, નસીબ બૉક્સર વિકાસને આડું આવ્યું, જીતેલી મેચનો રિવ્યુ માંગતાં આને સ્પર્ધાની બહાર થવું પડ્યું, ગગન નારંગ રાયફલમાં બ્રોન્ઝ જીત્યો તો રેપિડ ફાયરમાં ફટાફટ નિશાન તાકી વિજય કુમારે સિલ્વર મેડલ મેળવ્યો, બે-ત્રણ ખેલાડીઓ બાદ કરતાં હવે ભારતને મેડલ મળે એવી શક્યતાઓ નહીંવત્ દેખાય છે... હોકીમાં હાર, હાર અને હાર સાથે ભારતીય ટીમ હાહાકાર મચાવ્યો છે...

જેમ ઑલિમ્પિકનાં આયોજન માટે ધરખમ તૈયારી જોઇએ એમજ આ મેડલની રેસમાં આવતાં ખુબ આગોતરી તૈયારી જે તે દેશ કરતો હોય છે, કરોડો રૂપિયાના રમતગમતનાં બજેટ ધરાવતાં ભારતમાં સિસ્ટમનાં નામે સગાવાદ - ભ્રષ્ટાચાર સામે સાચાં - સારાં અંતરીયાળ ખેલાડીઓ આજેય લાચાર છે... ક્રિકેટ પાછળ કરોડોની સ્પોન્સર્સશીપ લગાડતાં ધંધાદારીઓ અન્ય રમતોની કીટ માટેય રૂપિયા આપતાં ખચકાય છે. કેટલીય રમતોમાં તો ભારત સ્પર્ધામાંય ઉતરી શકતું નથી એ આપણાં વિકાસશીલ દેશની કમનસીબી નહીં તો બીજું શું??

ફરી પાછાં પેલાં સર્વ્હાઇવલ ગીત પર પાછા ફરીએ એ પહેલાં થોડુંક અંગત તમારાં સાથે શેઅર કરી લઉં. ૧૯૩૬માં બર્લીનમાં યોજાયેલી ઑલિમ્પિકમાં મારા સ્વર્ગસ્ય દાદા શંકરરાવ રામરાવ થોરાત, વડોદરા સ્ટેટે કુસ્તીમાં ભારત તરફથી ભાગ લીધેલો. અત્યંગ ગરીબ પરિવારમાંથી આવેલા મારાં દાદા પાસે એ વખતે કયાંકમાં માત્ર લંગોટ જ હતી, સયાજીરાવ ગાયકવાડ મહારાજે પછી તો જાણ થતાં એમને સોને મઢેલાં અને વડોદરામાં 'અખાડો' બનાવવાં જમીન આપેલી, ગુજરાત સરકારમાં ડી.આઇ.જી. તરીકે નિવૃત્ત થયેલાં દાદાએ એમનાં અંતિમ વર્ષો ગાંધીનગરમાં અમારાં સાથે વિતાવેલાં, ઉંમરનાં ૭૬માં વર્ષેય ૨૦૦ દંડ ૪૦૦ બેઠક અને ૧૦ કિ.મી. વૉકીંગ, એવું યાદ આવતાં આજેય રૂંવાડા ઉભા થાય છે... એક સચ્ચા ઑલિમ્પિયન ખેલાડીનાં પૌત્ર હોવાનું ગર્વ અને ગૌરવ બંને છે!!

ઑલિમ્પિકનાં અંશો કે લાઇવ તો આપણએ ઘરે બેઠાં જોઇએ છીએ, અને અનુભવીએ છીએ રમતની ખૂન્નસ અને રોમાંચક ક્ષણો, સેકન્ડનાં ૫૦૦ મા ભાગથી હારતાં કે જીતતાં ખેલાડીઓ, અને એ જોતાં આપણે તો એટલું જ યાદ રાખવાનું કે આપણામાં એક સર્વ્હાઇવલ છે, અને સતત કહેતો હોય છે જિંદગી એ શર્યત છે, અને આપણે સત લડવાનું છે, જિંદગીના મેદાનમાં અનેક પડકારો આવશે પણ આપણે થાકીને હારવાનું નથી, જીવ જાય તો જાય આપણે અહીંથી હટીશું નહીં!!

**ચૂંટલો :**

આપણાં એકાદા રાજય કરતાંય નાના દેશોમાંથી આવતાં ખેલાડીઓને જયારે મેડલ ગળામાં પહેરતાં જોઇએ છીએ ત્યારે, મેડલ માટે ઝઝુમતાં અને ખાલી હાથે પાછા ફરતાં આપણા ખેલાડીઓને જોઇ અત્યંત ખૂન્નસ આવે છે કે આમને પેલું 'સર્વ્હાઇવલ' ગીત મોઢેથી દિવસ રાત સંભાળવતાં જ રહેવું જોઇએ.

## સંગીત દર્શન

• બીજા પાનાનું અનુસંધાન

બીજી કેટલીક હકીકત ટાંકું તો વિધર્મીઓની અસામાજિક ક્રિયાઓ સામે દક્ષિણ ભારતમાં જે ધાર્મિક ચળવળ શરૂ થઈ તે ભક્તિ આંદોલનના નામે ઓળખાઈ. ભક્તિ આંદોલનનો પ્રારંભ વૈષ્ણવ સંપ્રદાયના પ્રચાર-પ્રસાર માટે થયો હતો. ભારતના અન્ય ભાગોની જેમ ઉત્તરમાં પણ આ આંદોલનની ઊંડી અસર થઈ. ઉત્તર ભારતમાં આ આંદોલનના મુખ્ય પ્રવર્તક સ્વામિ હરિદાસ હતા. જેઓ લલિતાસખીના અવતાર મનાય છે. સ્વામી વૃંદાવનમાં રહીને વાદ્ય-નૃત્ય સાથે શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કરતા. તેઓની સાત્ત્વિક પદ રચનાઓએ તે સમયના નૃત્યકારો અને ગાયકોને ખૂબ મોહિત કર્યા અને કૃષ્ણ આધારિત ગાયન-નૃત્યનો પ્રારંભ થયો. શું આ વાત શ્રીકૃષ્ણના સંગીતકાર હોવાનો પુરાવો નથી ! કેમ ફક્ત શ્રીકૃષ્ણ ! બીજા દેવી-દેવતાઓ કેમ નહીં ? કારમ માત્ર શ્રીકૃષ્ણ એક સંગીતકારના રૂપમાં લોકહૃદયમાં બિરાજમાન હતા.

મધ્યકાળમાં વિક્રમ સંવત ૧૫૫૬ થી ૧૬૪૨નો સમય અષ્ટસખાઓનો માનવામાં આવે છે. વૈષ્ણવ ધર્મના આચાર્ય વલ્લભના બીજા પુત્રથી શ્રી ગુસાંઈજીએ સામાન્ય જનોમાં રહેલી કૃષ્ણની ભક્તિની ધારાને વાચા આપવા જે આઠ મહાન વ્યક્તિ નિયુક્ત કર્યા જે ઈતિહાસમાં અષ્ટસખા તરીકે ઓળખાયા. જેમાં સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, ચતુર્ભુજદાસ, ગોવિંદસ્વામિ અને છીતસ્વામી. આ સખાઓએ કૃષ્ણના એટલા બધા પદોની રચના કરી કે જે સંગીતના ગાયન, વાદન, નૃત્યમાં વણાઈ ગયા અને દરેક સંગીતજ્ઞના સંગીતમાં કૃષ્ણનાં પદો પ્રચલિત થયાં. આજે હવેલીની કિર્તન પરંપરાના મૂળમાં અષ્ટસખાઓની પદ રચનાઓ સાંભળવા મળે છે. શું આ વાત શ્રીકૃષ્ણને સંગીતજ્ઞ સાબિત કરવા પૂરતી નથી ? આજે ભારતીય સંગીત અને નૃત્ય કૃષ્ણની આસપાસ વધારે જોવા મળે છે. તેથી જ કેટલીય કવિતા કૃષ્ણ ઉપર નૃત્યકારો કરે છે જેમાં -

દેવ વિમાન પુષ્પનવ બરસત, કૃષ્ણકરત તત્થૈયા થૈયા થૈ...
મોહે છોડ છોડ માધવ માધવ માધવ...
ગલીઓ મેં રોકે કાન, મારે રે અનોખી તાન...
ઓરી કનૈયા, ઓરી કનૈયા...
અને ધૃવપદ ધમાર ઠુમરીમાં -
રોકત ડગર શ્યામ મોરી પનિયા ભરન જાને દે...
દેખો કાન્હા નહીં માનત બતિયાં...
રંગ ડારુગી રંગ ડારુગી નંદ કે લાલન પે...
ધૂમ મચાઈ બ્રજ મેં મોહન...

જેવી અનેક રચનાઓમાં કૃષ્ણ લીલાઓનું વર્ણન જોવા મળે છે અને વળી પ્રાદેશિક ભજનો, પદો, દુહાઓ, છંદો વગેરેમાં પણ શ્રીકૃષ્ણને લોકો પોતાની રૂચિ અનુસાર ગાય છે, નૃત્ય કરે છે. આ એક ઈતિહાસ છે કે કોઈ અવતારી દેવ માટે આટલું બધું સંગીત મળે. કારણ કે શ્રીકૃષ્ણ સંગીતના અંતરાત્મા હતા. તેઓ એક સંગીતકાર હતા. તેઓના દરેક કાર્ય સાથે સંગીત વણાયેલું હતું.

પુરાણોમાં અનેક સ્થાનોએ શ્રીકૃષ્ણ અને સંગીત વિશે ચર્ચા જોવા મળે છે. જેમાં પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, ભગવતપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, હરિવંશપુરાણ વગેરેમાં કૃષ્ણ સંગીતકાર હતા તેવા પુરાવાઓ મળે છે.

અંતમાં કહું તો કૃષ્ણના જીવનમાં સંગીત, નૃત્ય અને યોગ થકી અસ્તિત્વનો ઉત્સવ પ્રગટ થતો જણાય છે. તો કૃષ્ણની રાસલીલા એ તો જીવનને પણ લીલા ભાવે જોવાની કળા શીખવનારી ઘટના ગણાવી શકાય. ઉપરાંત કૃષ્ણની તમામ લીલાઓમાંથી સંગીત નૃત્યકલાને પ્રેરણા મળે છે કે સંગીત નૃત્ય એ મોક્ષનું સાધન છે. પોતાની તમામ ઈન્દ્રિયોને એકાગ્ર કરીને આનંદમય બનીને જ્યારે કલાકાર પરમ શક્તિ સાથે તાદાત્મ્ય સાધીને પોતાની કલા અભિવ્યક્ત કરે છે ત્યારે તે કલા રસમય, આનંદમય બની ચિત્તને પ્રસન્નતા અને શાંતિનો અનુભવ કરાવતાની સાથે શ્રીકૃષ્ણના પરમ દર્શનનો લાભ આપે છે. આવો, આપણે સૌ સાથે મળીને આ જન્માષ્ટમીને સંગીતમય, આનંદ, ઉલ્લાસ અને ઉમંગથી ઉજવીએ અને સંગીતજ્ઞ શ્રીકૃષ્ણમાં તલ્લિન થઈ જઈએ.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

'હાં આંટી એ તો મારી ફેવરીટ ગેમ છે. સમવયસ્કની કંપની મળતાં મલય ખરેખર ખુબ ખુશ હતો. તેણે વિચારેલું જ નહીં કે તેની આ રજા આટલી મજેદાર જશે. ગાર્ડનમાં બંને રમવામાં મસ્ત બની ગયા. તો બંને બહેનપણીઓ ફરી વાતે વળગી.'

'સ્મિતા હું તને એક વાત પૂછવા માંગતી હતી. મને એમ થયું હતું કે મલયની ગંદી આદત વિષે જાણીને તું ભડકી જઇશા પણ તેં તો ઉલટાનું જમવા બોલાવ્યો. હળવા હળવાંનો મોકો દીધો.'

'અને આ દરમિયાન તને એકેયવાર એવું લાગ્યું કે મલયનાં ચારિત્ર્યમાં કોઇ દોષ છે કે મીતાલીને ગંદી નડરે જુએ છે.' સ્મિતા એ તેને વચ્ચે જ રોકીને સામેથી પૂછી નાંખ્યું. સ્નેહાનો વિસ્મયથી તેને જોતી રહી.

'ના... એવું તો કંઇ ન લાગ્યું. બંને કેવા હંસીને વાતો કરતાં હતાં. જમતાં હતાં ને રમતાં હતાં. મોટે ભાગે તો અભ્યાસ અને પ્રૉજેક્ટની જ વાતો કરતાં હતા. અને પછી હૅરી પોટર સીરીઝની નૉવેલ એક્ચેન્જ બંને કરતાં હતાં.'

એ બસ એટલા માટે કે તેમને એક સ્વસ્થ માહૌલ મળી રહ્યો હતો. આપણે તેમને શંકાની દષ્ટિએ જોતાં ન હતાં. તેમને બોલાવા કે રમવા પણ કોઇ પ્રતિબંધ લગાવ્યો ન હતો. સ્નેહા તને ખભર છે જયાં જે વસ્તુને રોકવાનો પ્રયત્ન થાય ત્યાં તે વધુ ફૂલેફાલે છે. આ વાત માત્ર બાળકોની જ નથી યુવાનો અને વૃધ્ધોમાં પણ એ જોઇ શકાય છે. જેના માટે રોકટોક કરો તે કરવા તેની ઉત્સુકતા વધતી જાય છે. આપણે આપણા યુવાન થતાં બાળકોને જેટલાં દૂર રાખવાનો પ્રયત્ન કરીએ છીએ તેટલાં તે એકબીજાની વધુ નજીક આપણા ઉત્સુક બને છે. વૃધ્ધાવસ્થામાં કદાચ તેથી જ સ્વાદેન્દ્રિય વધુ સતેજ થઇ જાય છે કારણ કે તે વખતે મીઠાઇ, મીઠું, ઘી તેલવાળા પદાર્થો ખાવા પર પ્રતિબંધ આવી ગયો હોય છે. મલય છોકરાઓની જેમ જ છોકરીઓ સાથે પણ જેટલો હળશે મળશે એટલી તેની રોકાયેલી અને કુંઠાગ્રસ્ત ગ્રંથિઓ ખુબી જશે. તે તેમને સાથે ભણતાં પોતાની દોસ્ત સમજવા લાગશે. સ્નેહા મારો અનુભવ કહે છે કે આપણે બાળકને ગમે તેટલો સારો માહોલ આપીએ તેનો ખુબ સારી રીતે ઉછેર કરીએ છતાં ઉંમરની અસર વર્તાતાં કોઇને કોઇ એવી આદતો તેનામાં આવી જ જાય છે. જેમ કે, આપણે ગમે તેટલી સારા પ્રકારની લોન લગાવીને તેમાં નિંદામણ તો ઉગી જ નીકળે છે. તેથી આપણે કંઇ આખો બગીચો ઉખાડીને ફેંકતો નથી. નિંદામણને જ કાઢીને છીએ. અને તેમ છતાં ફરી જરાક અનુકૂળ પરિસ્થિતિ ઉભી થતાં જ એ ફરી ઊગી નીકળે છે. માણસમાં પણ જે ખરાબ આદતો આવી જાય તેને નિંદામણની જરૂર હોય છે. જો તેમાં બેદરકાર રહ્યા તો બગીચો ઉજ્જડ થઇ જાય તેમ જીવનનું પણ બને છે. મને વિશ્વાસ છે કે મારી બહેનપણી એવું તો નહીં જ થયા છે.

પ્રત્યુત્તરમાં સ્નેહીએ ભીની આંખે માથું નમાવી એમાંની આખો તે સમજતી હતી કે દીકરીને શરમાવ્યા વિના કઈ રીતે લાઇન પર લાઇન પર લાવી શકાય. આત્મ વિશ્વાસથી છલકતી સ્નેહા માટે ગઇકાલ સુધી પહાડ જેવી લાગણી મલયની સમસ્યા હવે રજકણ જેવી મામૂલી લાગી રહી હતી. તેનો તો એ ચપટી વગાડતાં ઉકેલી નાંખશે. સ્નેહાનો આત્મ વિશ્વાસ રંગ લાવ્યો હતો તેથી મલય એક ખીલેલો બગીચા જેવો તેની સામે ઊભો છે.

ખુશખુશાલ મનની સ્નેહા મલયના આગમનની રાહ જોવા લાગી.

- vanvihari@gmail.com